# પ્રવૃત્તિદર્શન

– સંકલન

યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહ અને નિયામક શ્રી મહેન્દ્ર ચોટલિયા દિ. ૧૨ થી ૧૯ માર્ચ દરમિયાન પોંડિચેરી અને કર્ણાટકની અનેક શિક્ષણ સંસ્થાઓ તેમજ અનેક શિક્ષણવિદોની મુલાકાત લઈ આવ્યા.

પોંડિચેરીમાં અરવિંદ આશ્રમ દ્વારા અનોખી પદ્ધતિથી શિક્ષણકાર્ય ચાલે છે. કોઈ અભ્યાસક્રમ નહીં, પરીક્ષા નહીં કે પ્રમાણપત્ર પણ નહીં... એવી રીતે કે.જી. થી સ્નાતક સુધીનું શિક્ષણ ચાલે છે. ૪૦૦ વિદ્યાર્થીઓ વચ્ચે ૧૫૦ અનુભવી શિક્ષકો છે. રોજનું દોઢ કલાકનું શારીરિક શિક્ષણ ફરજિયાત છે.

પોંડિચેરીથી ૧૫ કિ.મી. દૂર આવેલા ઓરોવીલ ગામમાં Global village માં ૨૫૦૦ લોકો વસે છે. મોટા ભાગના લોકો વિદેશથી આવીને વસ્યા છે. એમનાં બાળકોનું શિક્ષણ પણ પ્રકૃતિની ગોદમાં વિશિષ્ટ રીતે ચાલે છે. પોતાને ભણવાના વિષયોની પસંદગી બાળક પોતે કરે અને તદનુરૂપ વ્યવસ્થાઓ ત્યાંની સ્કૂલો દ્વારા પૂરી પાડવામાં આવે.

આ બંને જગ્યાએથી વિદ્યાર્થીને ભણ્યાનું કોઈ પ્રમાણપત્ર આપવામાં આવતું નથી. છતાં એમાંથી અનેક ભાષાઓ ભણીને બહાર પડેલા સક્ષમ યુવાનો દેશ-વિદેશમાં સરસ રીતે કાર્યરત છે.

પ્રવાસ દરમિયાન, યુનિવર્સિટીનો પાયો નાખનાર ઋષિતુલ્ય વ્યક્તિ શ્રી કિરીટભાઈ જોશીનું માર્ગદર્શન પણ મળ્યું. અરવિંદ સોસાયટીના અગ્રણી શ્રી વિજય પોદ્દાર કે જેઓ ગ્રામવિકાસના ૧૧ જેટલા પ્રકલ્પો ચલાવે છે તેમની સાથે પણ ફળદાયી ચર્ચા થઈ.



બેંગ્લોરમાં 'ગુરુદર્શન સ્કૂલ' ના એક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને વિશેષ નિમંત્રિત શિક્ષણવિદો ૪૦૦ જેટલી સંખ્યામાં ઉપસ્થિત હતા. એમને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની ફિલ્મ દેખાડવામાં આવી અને કુલપતિશ્રી તથા નિયામકશ્રી દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી.

કર્ણાટક રાજ્યના DSERT (Directorate of state For Education, Research & Training) ના કાર્યાલયના 20 જેટલા અધિકારીઓ અને સ્થાનિક 10 NGO ના કાર્યકર્તાઓ સમક્ષ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની અસરકારક પ્રસ્તુતિ કુલપતિશ્રી દ્વારા કરવામાં આવી.

બેંગ્લોરની 'પ્રશાંતિ કુટિરમ્' સ્થિત S-Vyasa University ના કુલપતિ શ્રી રામચંદ્ર ભટ, પૂર્વ કુલપતિ શ્રી એચ. નગેન્દ્ર અને સંશોધન ક્ષેત્રે કાર્યરત ડૉ. નવીન સાથે પણ વિસ્તૃત ચર્ચા થઈ. બંને યુનિવર્સિટીઓએ સાથે મળીને કાર્ય કરવા અંગે વિસ્તૃત યોજના બનાવી.

બેંગલોરથી ૪૫ કિ.મી. દૂર એક ચન્નેનહલ્લી નામનું સ્થાન છે ત્યાં પણ જવાનું થયું, જ્યાં 'જન સેવા ટ્રસ્ટ' દ્વારા ચાલતા સુંદર ગુરુકુળની મુલાકાત લીધી. અહીં વેદ, વિજ્ઞાન,યોગ, કૃષિ અને કલા - એવા પાંચ વિષયોનું નિ:શુલ્ક શિક્ષણ આપવામાં આવે છે. કુલ ૬૫ વિદ્યાર્થીઓ વૈદિક પરંપરાનું તેજોમય શિક્ષણ મેળવી રહ્યા છે.



ત્યાંથી છેલ્લે મૈત્રેયી ગુરુકુળ (મેંગલોર પાસે) ગયા. અહીં પણ ૮૫ જેટલી દીકરીઓ વૈદિક પરંપરાનું અદ્‌ભુત શિક્ષણ મેળવી રહી છે. ૧૩૦ એકર જગ્યામાં અત્યંત પ્રાકૃતિક વાતાવરણમાં શિક્ષણની અનોખી વ્યવસ્થા જોઈ મન આનંદવિભોર બન્યું.

આમ ૮ દિવસનો પ્રવાસ અત્યંત જ્ઞાનવર્ધક અને ફળદાયી રહ્યો. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિચાર અને કાર્યનો પ્રસાર કરવામાં પણ સફળતા મળી.

- 'બાળ વિશ્વવિદ્યાલય' ના માન્ય વિદ્યાનિકેતન **શ્રી દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપન મંદિર**, ભાવનગરમાં દિ. ૧૮ થી ૨૩ ફેબ્રુઆરી દરમિયાન **કલાકૌશલ્ય અને જીવનશિક્ષણ** તેમજ **સંગીત અને જીવનશિક્ષણ** કાર્યક્રમ અંતર્ગત ધોરણ ૫ અને ૬ ના વિદ્યાર્થીઓ માટે બાળ વિશ્વવિદ્યાલયના કાર્યકર્તાઓ શ્રી હાર્દિક ભટ્ટ અને શ્રી નિકુંજ વાગડિયાએ કલા-કોશલ્ય અને સંગીતને લગતી વિવિધ પ્રવૃત્તિઓ કરાવી હતી.



- 'બાળ વિશ્વવિદ્યાલય' ના કુલપતિશ્રી સહિત સર્વે અધિકારી-કર્મચારીગણનો ચિંતનશિબિર દિ. ૦૫-૦૩-૨૦૧૩ ના રોજ ઋતુમાન ફાર્મ હાઉસ, કસ્તૂરીનગર-કલોક ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં 'બાળ વિશ્વવિદ્યાલય'નાં માન્ય વિદ્યાનિકેતનોમાં કેવી કેવી પ્રવૃત્તિઓ અને સંશોધનો હાથ ધરવાં જોઈએ એ વિશે સામૂહિક ચિંતન કરવામાં આવ્યું હતું. અંતે કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહ અને નિયામક શ્રી મહેન્દ્ર ચોટલિયાએ ખૂટતી કડીઓની પૂર્તિ કરી વિદ્યાનિકેતનની સંકલ્પના વિસ્તારથી સમજાવી હતી. શિબિરનું સમગ્ર આયોજન અને વ્યવસ્થા શ્રી અનંત શુક્લ અને તર્પણા વ્યાસે સંભાળ્યાં હતાં.
- દિ. ૦૮-૦૩-૧૩ ના રોજ 'મહિલા દિન' નિમિત્તે ઈ.એસ.આઈ.એસ. દવાખાના, મણિનગર, અમદાવાદ ખાતે 'ગર્ભસંસ્કાર' વિષય પર સેમિનાર યોજાયો હતો. જેમાં 'બાળ વિશ્વવિદ્યાલય' ના સલાહકાર શ્રી જ્યોતિબહેન થાનકી ઉપસ્થિત રહ્યા હતા અને 'બાળ વિશ્વવિદ્યાલય' ના તપોવન કેન્દ્રમાં ચાલતી પ્રવૃત્તિઓને આવરી લઈ વિષયાનુરૂપ વક્તવ્ય આપ્યું હતું. કુલ ૨૫૦ જેટલી બહેનો આ સેમિનારમાં ઉપસ્થિત રહી હતી.

